૧૪ લાખની રકમનો ચેક પરત થવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદ

મિત્રતાના નાતે ધંધાકીય કામ માટે પૈસા આપ્યા હતા

ગાંધીનગર તા ૨૪

મિત્રતાના નાતે ધંધાકીય કામ માટે રૂ ૧૪ લાખ હાથઉછીના લેવાના કેસમાં ચેક પરત થતા ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યા છે. આ ઉપરાંત કોર્ટે આરોપીને રૂ ૫ હજારની સજા ભોગવવા માટે પણ હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર રાંધેજા ખાતે રહેતા દિનેશ મંગળદાસ પટેલ તેમજ કુડાસણમાં પ્રમુખ એકઝેટિકામાં રહેતા વનરાજસિંહ હરિસિંહ જોધ્ધા વચ્ચે મિત્રતાનો સંબંધ હતો. જેના નાતે વનરાજસિંહે ધંધાકીય કામમાં જરૂરિયાત ઉભી થતા દિનેશભાઈ પાસે રૂ ૧૪ લાખ ઉછીના આપવા માંગણી કરી હતી. જયારે મિત્રતાના નાતે તેમણે વિશ્વાસ અને ભરોસો રાખી આ રકમ તેમને ઉછીની આપી હતી. જયારે ૬ મહીનામાં આ રકમ પરત કરી દેવા પણ તેમણે વચન આપ્યુ હતુ.પરંતુ નિયત સમયે ફરિયાદીને રકમ પરત ન મળતા તેમણે ઉછીની રકમ પરત લેવા માટે માંગણી કરી હતી. જયારે આ ઉઘરાણી સામે આરોપી વનરાજસિંહે ધી માણસા નાગરિક સહકારી બેંકનો ચેક આપ્યો હતો. પરંતુ તા ૨૯ ડિસેમ્બરના વર્ષ ૨૦૧૫ના રોજ આ ચેક અપુરતા નાંણા ભંડોળના લીધે બેંકમાંથી પરત થતા આ મામલે આખરે આરોપી સામે ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ગાંધીનગર કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જયારે આ કેસ ગાંધીનગરની ત્રીજા એડિશ્નલ ચીફ જયુ મે જી કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફેના વકીલ તરીકે વિષ્ણુભાઈ રાવળે દલીલો કરી હતી. જે દલીલો તેમજ પુરાવાને ધ્યાને લઈ જજ ઝફરુલ્લાખાન અતાઉલ્લાખાન સિંધીએ આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા માટે હુકમ કર્યો છે. વધુમાં આરોપીને રૂ ૫ હજારનો દંડ ભોગવવા માટે પણ આદેશ કરાયો છે. આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની કેદની સજા ભોગવવા માટે હુકમ કરાયો છે.

બોર્ડ-નિગમના કર્મચારીઓની સાતમા પગાર પંચ મામલે આંદોલનની ચીમકી

બોર્ડ-નિગમના કર્મચારીઓની જાહેરસભા યોજાઈ : સાતમા પગારપંચનો લાભ અંગે દિન-૨૧માં યોગ્ય નિર્ણય નહી આવે તો ઉગ્ર આંદોલન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ઉદ્યોગ ભવન ખાતે આજે બોર્ડ-નિગમના કર્મચારીઓની જાહેર સભા યોજાઈ હતી. આ સભામાં સરકાર દ્વારા ૭૭ બોર્ડ નિગમના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ નહી આપતા કર્મચારીઓમાં રોષ પ્રવતર્યો છે. જયારે બોર્ડ-નિગમ કર્મચારી મહામંડળ દ્વારા દિન-૨૧માં સરકાર તરફથી હકારાત્મક વલણ નહી દાખવવામાં આવે તો ત્યારબાદ માસ સીએલ મુકવી, પ્રતિક ઉપવાસ કરવા, દેખાવો તેમજ રેલીઓ કાઢવી સહિતના દેખાવો યોજવામાં આવશે તેવી ચિમકી પ્રમુખ પ્રવિણ. એમ.સુતરીયાએ ઉચ્ચારી છે.

રાજયના બોર્ડ-નિગમના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ મળવા પામ્યો નથી. રાજયના કેટલાક બોર્ડ નિગમ તો કમાઉ દિકરા છે છતા પણ લાભથી વંચિત રહી જતા કર્મચારીઓ નારાજ થયા છે. સરકારના ૭૭ બોર્ડ-નિગમના કર્મચારીઓને જો ૭માં પગારપંચનો લાભ આપવામાં આવે તો સરકારની તિજોરી પર ૮૦ કરોડ રૂપીયાનો બોજ પડે તેમ છે. જે રાજય સરકાર આપવા તૈયાર ન થતા કર્મચારીઓ હતાશા, નિરાશા, અને અસંતોષ ઉભો થયો છે.સરકારી સાહસોના લાખો કર્મચારીઓ છેલ્લા વીસ વર્ષથી સરકારની સાથે રહ્યા છે.તેમજ સરકારની યોજનાઓ પ્રજા સુધી પહોંચાડવા અથાગ પ્રયત્નો કર્યા છે. છતા સાતમા પગારપંચનો લાભ ન મળતા કર્મચારીઓ રોષે ભરાયા છે. આજે મળેલી બેઠકમાં દિન-૨૧માં યોગ્ય નિર્ણય નહી આવે તો કર્મચારી મહામંડળ વિવિધ દેખાવો કરશે.જેમાં અસમાનતાવાળી કાર્યપદ્ધતિ વિરુધ્ધ સુત્રોચ્ચાર, એક દિવસીય પ્રતિક ઉપવાસ, વાઈબ્રન્ટ સમિટ -૨૦૧૭નો સામુહિક બહિષ્કાર કરવો, ન્યું દિલ્હી જંતર-મંતર જઈ દેખાવો અને ધરણા યોજવામાં આવશે. તેમ મહામંડળના પ્રમુખ પ્રવિણ એમ સુતરીયાએ જણાવ્યું છે. આ જાહેરસભામાં મોટીસંખ્યામાં કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ગુડા દ્વારા ગ્રામ વિકાસ સદભાવના વિકાસ યોજના અન્વયે ગુરુવારે રૂ ૪૦ લાખના કામોનુ ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. ગુડાના ચેરમેન આશિષ દવેએ ગુડા ગ્રામ્ય વિકાસ સહયોગ યોજના અંતર્ગત દશેલા, મોટી શિહોલી, પાલજ, વલાદ ગામમાં આર સી સી રોડના ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્યત્વે દશેલા થી આલમપુર જતા માર્ગ, મોટી શિહોલી થી આલમપુર તરફથી આવતો રોડ અને પાલજ ગ્રામ પંચાયતથી ગામ તરફ અને વલાદ મેઈન ચોકથી ગામ તરફ જતા માર્ગના કામનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા તાલકા ભાજપના પ્રમુખ જશુભાઈ પટેલ ઉપરાંત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

સ્વચ્છતા મિશન અંતર્ગત હોસ્પિટલની સ્ટે. કમિટીના ચેરમેન મનુભાઈ પટેલે મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં દરમાસે સ્વચ્છતા મિશન અંતર્ગત જાણીતા રાજકીય અગ્રણીઓ તેમજ અધિકારીઓ દ્વારા રાઉન્ડ લેવામાં આવે છે. આજે ગાંધીનગર મહાનગર પાલિકાના સ્ટે.કમિટીના ચેરમેન મનુભાઈ પટેલે હોસ્પિટલની મુલાકાત લઈને વિવિધ વોર્ડ, આઈસીયુ, હિમોડાયાલિસીસ અને વીઆઈપી વોર્ડની મુલાકાત લીધી હતી. તેઓએ દર્દીની સારવાર અને સફાઈ પર વિશેષ ભાર મુક્યો હતો. હોસ્પિટલના સ્ટાફના કર્મચારીઓની નિયમિતતા અંગે પણ સુચન કર્યા હતા. સફાઈ રાઉન્ડ દરમિયાન હોસ્પિટલના ઈનચાર્જ આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણ તેમજ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર હોસ્પિટલમાં આજે મહાનગર પાલિકા સ્ટે.કમિટી ચેરમેન મનુભાઈ પટેલે સ્વચ્છતા મિશન અંતર્ગત મુલાકાત લીધી હતી. જેમાં હોસ્પિટલના બે કલાક રાઉન્ડમાં તેઓએ તાત્કાલીક વિભાગ, આઈસીયુ, હિમોડાયાલિસીસ, વીઆઈપી વોર્ડ, તેમજ નવા બિલ્ડીંગમાં આઠમા માળે આવેલ મેલ -ફિમેલ વોર્ડની મુલાકાત લઈને ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. તેમજ હોસ્પિટલ સત્તાવાળાઓને જરુરી સુચન કર્યા હતા. જેમાં સારવાર સાથે સફાઈ જરુરી છે માટે સારવાર યોગ્ય સમયે મળી રહે તે અત્યંત જરુરી છે.

જિલ્લા કક્ષાના કલા ઉત્સવની વિવિધ સ્પર્ધાના પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાનો જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ આજે ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન ખાતે યોજાયો હતો.

આ કલા ઉત્સવમાં બાલ કવિ સ્પર્ધા, બાલચિત્ર સ્પર્ધા, સંગીત ગાયન સ્પર્ધા, સંગીત વાદન સ્પર્ધાઓ યોજાઈ હતી.

બાલકવિ સ્પર્ધામાં પ્રાથમિક શાળા બિલેશ્વરપુરાની નિકિતા પ્રજાપતિ પ્રથમક્રમે, દિવ્તીય ક્રમે વિશ્વા ઠક્કર એન.એચ.ગર્લ્સ હાઈસ્કૂલ માણસા અને તૃતિય ક્રમે હીરામાણેક કન્યા વિદ્યાલય કલોલની ઉચ્ચત્તર માધ્યમિકની પટેલ નૈસર્ગીને વિજેતા જાહેર કરવામાં આવેલ હતી.

બાલ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે સાગર રાવળ વલ્લભનગર પ્રા. શાળા, દ્વિતીય ક્રમે સ્વામિનારાયણ વિદ્યાલય સે. ૨૩ની ડેઈઝી વઘાસિયા તો તૃતિય ક્રમે દેસાઈ કનુભાઈ ગ્રામશાળા ગ્રામભારતીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

સંગીત ગાયન સ્પર્ધામાં પ્રથમક્રમે વૈશાલી સાધુ કૃષ્ણનગર પ્રા. શાળા (રાંધેજા)ને દ્વિતીય ક્રમે પી.એ.એસ. ઝવેરી હાઈસ્કૂલ છત્રાલની ખુશી બારોટ તથા તૃતિયક્રમે હરિઓમ ગઢવી સર્વોદય વિદ્યાલય રાયસણને વિજેતા જાહેર કરવામાં આવેલ છે.

સંગીત વાદન સ્પર્ધામાં જયેશ ઠાકોર બોરીજ પ્રા. શાળાને પ્રથમ સ્થાને, દ્વિતીય સ્થાને શેઠ એન.એસ.બી. હાઈસ્કૂલ વલાદના સાહિલ વ્યાસને તથા તૃતિય ક્રમે સ્વામિ. ગુરૂકુલ ઝુંડાલના અમિત વાઘેલાને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજયભાઈએ જણાવ્યુ હતુ કે કલા ઉત્સવ એ અનોખો ઉત્સવ છે અને વિજેતા સ્પર્ધકો હવે રાજ્યકક્ષાએ તેમની કૃતિ રજુ કરશે.

દારૂ-બિયરની પેટીઓ ભરેલી બોલેરો જીપ પકડાઈ

૧.૭૬ લાખના મુદ્દામાલ સાથે ચિલોડા પોલીસે શિહોલી પાસેથી જીપ પકડીને ત્રણની ધરપકડ કરી : દારૂ-બિયરનો જથ્થો મગોડી લઈ જવાતો હતો

ગાંધીનગર, તા. ૨૪

હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરેલી બોલેરો જીપ પસાર થઈ રહી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે શિહોલી ગામની સીમમાં હાઈવે પર વૉચ ગોઠવીને બોલેરો જીપ પકડી પાડી હતી. દારૂ-બિયરની હેરાફેરી કરતા ત્રણ શખ્સોની ધરપકડ કરી પોલીસે રૂ. ૭૬.૮૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો તથા કાર મળી રૂ. ૧,૭૬,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સઘન પુછતાછ શરૂ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી હાઈવે પરથી થતી દારૂ-બિયરના જથ્થાની હેરાફેરી અટકાવવા ચિલોડા પીઆઈ એલ.ડી. વાઘેલા તથા તેમની ટીમે બાતમીદારો સક્રિય કર્યા છે. ચોક્કસ બાતમીને આધારે આજે શિહોલી પાસે એસ્સાર પેટ્રોલ પંપ સામે હાઈવે પર ટીમે વૉચ ગોઠવી બોલેરો જીપ નં. આર.જે.૧૨.યુ.એ.૦૮૦૪ પકડી પાડી હતી. જીપમાં તપાસ કરતાં વિદેશી દારૂની નાની મોટી ૩૩૬ નંગ બોટલ અને ૧૨૭ નંગ બિયરના ટીમ મળી આવતા રૂ. ૭૬,૮૦૦ની કિંમતનો દારૂ-બિયર તથા ૧ લાખની જીપ ગણી રૂ. ૧,૭૬,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. જીપમાં દારૂની હેરાફેરી કરનાર ઉદેપુરના ગૌતમ ગોવિંદ પટેલ, સુરેશ શંકર પટેલ અને શંકર અમરા પટેલ મળી ત્રણ શખ્સોની ધરપકડ કરી ઝીણવટભરી પુછપરછ કરતાં દારૂ-બીયરનો જથ્થો મગોડી ગામના કોઈ રાજન સુરેશ પટેલને ત્યાં આપવા આવ્યા હોવાની કેફીયત આપી છે. તેને આધારે ચિલોડા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ધો-૧૨ (સામાન્ય પ્રવાહ)માં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરનાર કુ. જસ્મીન ઘોરીનું સન્માન

ગાંધીનગર, તા.૨૪

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન (મેવા) ગાંધીનગર દ્વારા મુસ્લિમ સમાજના તેજસ્વી તારલાઓના ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરનાર કુ. જસ્મીન ઘોરીનું ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું છે.

આ સમારોહ ડૉ. આંબેડકર ભવન સે-૧૨ ખાતે યોજાયો હતો. જેમાં મુસ્લિમ સમાજમાંથી ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા કુ. જસ્મીન મોહંમદશઈદ ઘોરી એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી મુસ્લિમ સિપાઈ સમાજનું ગૌરવ વધાર્યું હતું. આ પ્રસંગે કુ. જસ્મીન મોહંમદશઈદ ઘોરીને ડૉ. જમાલ એહમદખાનના હસ્તે ટ્રોફી એનાયત કરાઈ હતી તથા તેમના માતાનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસનો સ્નેહમિલન સમારોહ મોકૂફ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ દેશની હાલની સર્જાયેલી વિકટ પરિસ્થિતિના કારણે મોકૂફ રાખવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ જે ૨૭ નવેમ્બર રવિવારના રોજ ડૉ. આંબેડકર હોલ ખાતે યોજાવાનો હતો તે દેશની હાલની વિકટ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા નોટબંધીના વિષયને કારણે મોકૂફ રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જે કાર્યક્રમો તા. ૨૪ થી ૨૮ નવેમ્બર સુધી નક્કી કર્યા છે. તેમાં સક્રીય રીતે ભાગ લેવા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહે જણાવ્યું છે.

ખુલ્લી કટાર લઈને બેઠો છું પછી ડર શાનો ?

ગાંધીનગર સમાચારની કોલમ 'સુપ્રભાતમ્'ને ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે વરિષ્ઠ લેખક સુરેશભાઈ ભટ્ટનો અભિવાદન સમારોહ યોજાયો : પૂ. ગુરૂમા સમાનંદજીએ આર્શિવચન પાઠવ્યા : ૭૧૬૦ મુક્તકો, ૧૨૨૩૦ હાઈકુ ઉપરાંત અગણિત બોધકથાઓ અને સુવિચારો સાથેના અવિરત સર્જનના સર્જકનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

"ખુલ્લી કટાર લઈને બેઠો છું પછી ડર શાનો ?" "હું તો માત્ર કાગળ પર લખુ છુ, જેને બંધબેસતી પાઘડી પહેરવી હોય એ પહેરે." ગાંધીનગર સમાચારના વરિષ્ઠ કોલમિસ્ટ સુરેશભાઈ ભટ્ટે તેમની કોલમને ૨૦ વર્ષ પૂર્ણ થયાના અવસરે યોજાયેલ અભિવાદન સમારોહમાં પોતાની આગવી શૈલીમાં ધારદાર વાતો સહજતાથી કરી ઉપસ્થિત શહેરના અગ્રણીઓને તેમના મિજાજનો પરચો આપ્યો હતો. જૈફવયે પણ અનોખી ખુમારી ધરાવતા સુરેશભાઈ ભટ્ટે આ સાથે જણાવ્યું હતું કે "૨૦ વર્ષથી જે લખાય છે તેનો આનંદ અને સંતોષ બંને છે, સાથે જ પ્રત્યાઘાત મળે છે તેનો પણ વિશેષ આનંદ છે."

ગાંધીનગર સમાચારમાં અવિરતપણે પ્રગટ થતી કોલમ "સુપ્રભાતમ્"ને આજે ૨૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે કોલમના લેખક સુરેશભાઈ ભટ્ટનો અભિવાદન સમારોહ બપોરે ૪.૩૦ કલાકે સે. ૧૭ની સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલમાં યોજાયો હતો. સર્જનાત્મકતાના સાતત્યનું સન્માન અને સર્જકનું અભિવાદન કરવાનો આ સમારોહ ગાંધીનગર સાહિત્યસભા તથા ગાંધીનગર સમાચારના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. આ પ્રસંગે સેક્ટર-૧ના સમદર્શન આશ્રમના પૂ. ગુરૂમા સમાનંદજીએ ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવતા કહ્યું હતું કે "શબ્દ શક્તિયુક્ત છે, શબ્દ એવુ માધ્યમ છે જેનાથી અન્ય વ્યક્તિની અંદરની ચેતના જગાડી શકાય છે." આ સાથે તેમણે કહ્યું કે "પવિત્રતા અને શુદ્ધ આચરણથી શબ્દમાં બળ આવે છે." પૂ. ગુરૂમાએ સુરેશભાઈ ભટ્ટ પર સરસ્વતીજીની કૃપા હોવાનું કહેતા તેમની નિરંતરતાને બિરદાવી હતી. આ પ્રસંગે તેમણે સુરેશભાઈના દિર્ઘાયુ માટે પ્રાર્થના વ્યક્ત કરવા સાથે તેમના સુવિચારોને વાચકો સુધી પહોંચાડવાનું નિમિત્ત બનવા બદલ ગાંધીનગર સમાચારને પણ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ પ્રો. સુરેશભાઈ ભટ્ટની કોલમમાં જીવન જીવવાનું ભાથુ પુરૂ પાડે તેવી સામગ્રી હોવાનો સ્વીકાર કર્યો હતો. તેમણે આ કોલમમાં ધર્મ, શિક્ષણ, રાજકારણ અને સામાજિક જીવન વગેરેને આવરી લેવાના ૭ હજારથી વધુ મુક્તકો લખવા બદલ સુરેશભાઈ ભટ્ટને અભિનંદન આપતા જણાવ્યું હતું કે પુસ્તક મેળામાં સૌથી વધુ પુસ્તકો તેમના જ વંચાય છે. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ સુરેશભાઈ ભટ્ટને "આખ્ખા શબ્દનો માણસ" ગણાવતા અખબારની ત્રણ દાયકાની સફરમાં બે દાયકા તો સુરેશભાઈએ સાચવી લીધા હોવાનો એકરાર કર્યો હતો. તેમણે આ પ્રસંગે સુરેશભાઈએ અત્યાર સુધીમાં ૭૧૬૦ મુક્તકો, ૧૨૨૩૦ હાઈકુ ઉપરાંત અગણિત સુવિચારો, બોધકથાઓ વગેરે સુપ્રભાતમ્ કોલમમાં લખી ચુક્યા હોવાનું જણાવતા આ કાર્યને વર્ષો સુધી અખબારી આલમમાં અમર રહેનારૂ ગણાવ્યું હતું.

ગાંધીનગરના વરિષ્ઠ સાહિત્યકાર તથા વિચારક સુરેશભાઈ ભટ્ટના અભિવાદન સમારોહમાં નિવૃત્ત સનદી અધિકારી વી.એસ. ગઢવી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, ગુડાના ચેરમેન આશિષ દવે, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, કોંગ્રેસ મહામંત્રી નિશિત વ્યાસ, નાગરિક બેંકના ચેરમેન હિમાંશુ પટેલ, વરિષ્ઠ સાહિત્યકારો દોલત ભટ્ટ તથા દલપત પઢિયાર, સાહિત્ય સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ, મંત્રીઓ મૂળજીભાઈ પરમાર 'દધિ', તથા સંજય થોરાત, પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલ, જાણીતા કવિ કિશોર જીકાદરા, ગાંધી મિત્ર વર્તુળના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી સહિત અનેક અગ્રણી સાહિત્યકારો, અગ્રણી નગરજનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે જાણીતા કોલમિસ્ટ ડૉ. જય ઓઝાએ આભારદર્શન વ્યક્ત કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માહિતી ખાતાના અધિકારી તથા સુરેશભાઈ ભટ્ટના પુત્ર હિરેન ભટ્ટે કર્યુ હતુ. કાર્યક્રમમાં સુરેશભાઈ ભટ્ટને શાલ ઓઢાડી તથા સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

શહેર-જિલ્લામાં નોટબંધી મામલે આંદોલન આરંભાયું

ગાંધીનગર, તા.૨૪

સમગ્ર દેશમાં માનવસર્જિત આપત્તિ- નોટબંધીથી સર્જાયેલ આર્થિક અંધાધુંધીથી પ્રજા તાહિમામ પોકારી ગઈ છે તથા કેન્દ્રની ભાજપી સરકારના અણગઢ નિર્ણયથી લોકો પોતાના નાણા માટે દિવસ-રાત લાઈનોમાં ગુજારી રહયા છે. પ્રજાની આ અસહ્ય હાલાકીનો કોંગ્રેસ પક્ષ ખુબ જ આકરા શબ્દોમાં વિરોધ કરે છે જેના ભાગરૂપે ગુજરાત કોંગ્રેસ દ્વારા "જનઆક્રોશ સપ્તાહ" અન્વયે પ્રજાની પીડાને ઉજાગર કરવા પાંચ દિવસના વિવિધ કાર્યક્રમો સહિત ૨૮મીએ ગુજરાત બંધનુ એલાન આપ્યું છે. કોંગ્રેસ સહિત અન્ય ૧૨ રાષ્ટ્રીય પક્ષોએ આપેલા ભારત બંધમાં સફળ બનાવવા સૌ પ્રજાજનોને કોંગ્રેસ પક્ષે અપીલ કરી છે.

પ્રદેશ કોંગ્રેસ દ્વારા આપેલ કાર્યક્રમોનું સમર્થન કરતા ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવા જેના ભાગરૂપે આવતી કાલે તારીખ ૨૫મીએ ગાંધીનગર,દહેગામ અને કલોલ ખાતે રેલ-બસ રોકો અને ચક્કાજામનો, તારીખ ૨૬ના રોજ વિવિધ તાલુકા મથકે સ્કુટર-બાઈક-ટ્રેકટર રેલી, ૨૭મીએ ભાજપના સાંસદો-ધારાસભ્યો અને આગેવાનોને ઘેરાવનો કાર્યક્રમ યોજવામાં આવશે,તારીખ ૨૮મી ના રોજ ભારત બંધના એલાન ભાગરૂપે ગાંધીનગર જિલ્લા અને શહેર આવેલ તમામ દુકાનો,બજારો,શાકમાર્કેટો,ગંજ બજારો, શોપીંગ સેન્ટરો, વાણિજ્ય સંકુલો, ઉધોગ ગૃહો, ફેક્ટરીઓ, શાળા-કોલેજો વિગેરેએ પ્રજાને પડતી હાલાકી અને મુશ્કેલીઓના સમયમાં પ્રજાની પડખે ઉભા રહી માનવસર્જિત આપત્તિ ઉભી કરનાર કેન્દ્રની ભાજપ સરકારના આયોજન વગરના નોટબંધીના પગલાનો વિરોધ કરવા કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોએ આપેલા ગુજરાત બંધના એલાનને સૌ પ્રજાજનો અને વેપારીઓએ સમર્થન આપવા અને બંધને સફળ બનાવવા ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસે અનુરોધ કર્યો છે.